## આકરી ગરમીથી બચવા રોડ પર પાણીનો છંટકાવ




■ સુરતમાં તાપમાનનો પારો 40 ડિગ્રીની નજીક પહોંચી ગયો છે ત્યારે દેવડી પાસે ગરમીથી બચવા ટેમ્પોમાં ટાંકીમાંથી રસ્તા પર પાણીનો છંટકાવ કરવામાં આવે છે. **(તસવીર : હેમંત ડેરે)**

# કાલે ભાગળ, નવસારીબજારના કેટલાક માર્ગ પર પ્રતિબંધ

**ડો. આંબેડકર** જયંતીની રેલીના કારણે પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરતઃ શહેરમાં આગામી તા. ૧૪મી એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતીની ભવ્ય ઉજવણીને લઈ શહેરમાં રેલીઓ આયોજન થશે. આ રેલીને લીધે પોલીસ કમિશનર દ્વારા જુદા જુદા માર્ગો પર વાહનોની અવર-જવર અને પાર્કિંગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

શહેરમાં આગામી તા. ૧૪મી એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતીની ભવ્ય ઉજવણી થનાર છે. આ પ્રસંગે શહેરના વિવિધ વિસ્તારોમાંથી નીકળનારી રેલીઓ રેલ્વે સ્ટેશન સર્કલ ખાતે એકત્ર થશે અને ત્યાંથી રાજમાર્ગો પરથી પસાર થઈ માન દરવાજા ખાતેની પ્રતિમા સુધી પહોંચશે. રેલી દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જાહેરનામું બહાર પાડી કેટલાક રસ્તાઓ પર વાહનોની અવર-જવર અને પાર્કિંગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ તા. ૧૪મીએ બપોરે ૧૨:૦૦ થી રાત્રીના ૨૪:૦૦ વાગ્યા સુધી નીચે મુજબના પ્રતિબંધો રહેશે. જેમાં ભાગળ ચાર રસ્તા, રૂવાળા ટેકરા અને ગલેમંડી તરફ તમામ વાહનો માટે પ્રતિબંધ રહેશે. વાહનચાલકો ભાગળથી કાંસકીવાડ થઈ સૈયદપુરા પમ્પિંગ, રામપુરા ત્રણ રસ્તાથી લાલ દરવાજા થઈને જઈ શકશે.

દિલ્હીગેટથી ભાગળ તરફ આ રૂટ પર જવા માટે પાણીની ટાંકી થઈ મોટી ટોકીઝ, ઝાંપા બજાર અને એર ઈન્ડિયા ચોકડીવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉધના દરવાજાથી સગરામપુરા પુતળી થઈ નવસારી બજાર આવતા રસ્તા પર વાહનો માટે પ્રતિબંધ રહેશે. ચાલકોએ આંતરિક ગલીઓના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ પ્રતિબંધમાંથી પોલીસ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને સુરત મહાનગરપાલિકાના વાહનો જેવી આવશ્યક સેવાઓને મુક્તિ આપવામાં આવી છે.

# ભાજપમાં ધારાસભ્યોએ પોતાના વિશ્વાસુઓને ટિકિટ અપાવી

**પૂર્ણેશ** મોદીની નજીકના પરિમલ ચાસીયા, કુમાર કાનાણીની નજીકના મહેન્દ્ર દેસાઈને ટિકિટ મળી

**સંદીપ** દેસાઈની નિકટના કેતા દેસાઈ, ચિરાગ સોલંકીને પણ ટિકિટ

**પ્રવિણ** ઘોઘારી, પ્રફુલ પાનશેરીયા, સંગીતા પાટીલે પણ પોતાના ખાસને ટિકિટ અપાવી

**કતારગામમાં** વિનુ મોરડિયાના વિશ્વાસુ ચીમન પટેલ કપાયા, સામે સીઆર જૂથના નરેન્દ્ર પાંડવને પણ ટિકિટ મળી નહીં

### બે મહિના પહેલા ભાજપના શહેર મંત્રી બનેલા શર્મિષ્ઠા વરિયાએ આપમાંથી ફોર્મ ભર્યુ

આ વખતે ટિકિટ નહીં મળતાં આપ અને કોંગ્રેસના નેતાઓ એકબીજામાં ચાલ્યા ગયા અને સામેની પાર્ટીમાંથી ફોર્મ ભર્યુ હોવાના ઘણા કિસ્સા બન્યા, પરંતુ શાસક પક્ષ ભાજપમાં બે મહિના પહેલા જ શહેર સંગઠનમાં મંત્રી બનેલાં શમિષ્ઠા વરિયાએ ટિકિટની દાવેદારી બાદ ભાજપમાંથી ટિકિટ નહીં મળતાં છેલ્લા દિવસે આમ આદમી પાર્ટીમાંથી વોર્ડ નં.1માંથી ઉમેદવારીપત્ર ભરતાં ભાજપના નેતાઓ ચોંકી ઊઠ્યા હતા. જો કે, શર્મિષ્ઠા વરિયા ભાજપમાં માત્ર નામ પૂરતાં હતાં. ક્યારેય સક્રિય દેખાયાં નહોતાં. આમ છતાં ગોડ ફાધરની મદદથી સંગઠનમાં સ્થાન મેળવી લીધું હતું. જો કે, ટિકિટ નહીં મળતાં પક્ષપલટો કરી લીધો હોય તેના ગોડ ફાધર બનેલા નેતાની હાલત કફોડી થઇ ગઈ છે.

### બે વોર્ડમાં દાવેદારી કરનાર ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીને ટિકિટ મળી નહીં

ચેમ્બર પ્રમુખ નિખીલ મદ્રાસીએ સુરત મહાનગર પાલિકાના નગર સેવક બની કોર્પોરેશનના વહીવટમાં પણ સામેલ થવાનો મનસુબો પાળ્યો હતો અને બે -બે વોર્ડમાંથી ટિકીટ માંગી હતી. પરંતુ ભાજપે ટિકીટ ફાળવી નથી તેથી તેમનો મનસુબા પર પાણી ફરી વળ્યુ છે.

સુરતઃ મહાનગરપાલિકા ચૂંટણીમાં ભાજપની ટિકિટ વહેંચણી પ્રક્રિયામાં આ વખતે ધારાસભ્યોની મરજી અને પ્રભાવ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો છે. મળતી વિગતો મુજબ પૂર્ણેશ મોદી પોતાના નજીકના મનાતા પરિમલ ચાસીયા, દિગ્વિજયસિંહ બારડ અને જીતેન મહેતાની પત્નીને ટિકિટ અપાવવામાં સફળ રહ્યા છે. તેવી જ રીતે કુમાર કાનાણીના અંગત માનવામાં આવતાં પૂર્વ શહેર યુવા પ્રમુખ મહેન્દ્ર દેસાઈને પણ ટિકિટ મળી છે.

અન્ય ધારાસભ્યોના સમર્થિત ઉમેદવારોમાં મુકેશ પટેલના પર્સનલ મદદનીશ વિજય ભાટિયા, અરવિંદ રાણા દ્વારા સંદીપ ચલકવાલા, વિનોદ મોરડિયા દ્વારા પરેશ સાકરિયા, રઘુભાઈ ખૂંટ, સોનુ આંબલિયા અને જયશ્રી વરિયા જેવાં નામોને ટિકિટ અપાવવામાં સફળતા મળી હોવાનું જાણવા મળે છે. સંદીપ દેસાઈના સમર્થનથી કેતા ગ્રીની દેસાઇ, ચિરાગ સોલંકી, પ્રવીણ ઘોઘારીએ સતિષ મૈસુરીયા, અનિલ સોજીત્રા, મનીષા આહીર, ધર્મેશ ભાલાળા, પ્રફુલ પાનસુરીયાએ સુભાષ હાનાણી, ચીમન વોરા, સંગીતા પાટીલના સમર્થનથી સંજય પાટીલ, ડો.નરેન્દ્ર પાટીલ, અંજલિ ઉપાધ્યાય, હર્ષ સંઘવીના સમર્થનથી દક્ષેશ માવાણી, રજનીશ દેસાઈ, હિમાંશુ રાઉલજી અને વ્રજેશ ઉનડકટ જેવા ઉમેદવારોને ટિકિટ મળવામાં સફળતા મળી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જો કે, કતારગામ ઝોનમાં આંતરિક જૂથબંધીનો ફટકો પણ પડ્યો છે. વિનોદ મોરડિયાના વિશ્વાસુ ચીમન પટેલ અને સી.આર. જૂથના નરેન્દ્ર પાંડવ વચ્ચે થયેલા ગજગ્રાહના કારણે બંનેની ટિકિટ કપાઈ ગઈ હોવાનું જાણવા મળે છે.

# મહિલાના આપઘાત મામલે પતિ અને સાસુ સામે ફરિયાદ

**પતિ** અને સાસુના સતત ત્રાસથી કંટાળી પરિણીતાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હતું

સુરતઃ અમરોલીમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતાએ સાસરિયાઓના અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી મોતને વહાલું કર્યું છે. આ મામલે મૃતક મહિલાના પતિ અને સાસુ વિરુદ્ધ અમરોલી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

અમરોલીના દિલીપનગર ખાતે આવેલા શ્યામકિરણ એપાર્ટમેન્ટમાં રહેતા અમનકુમાર અનીલભાઈ ભાટીયાના લગ્ન વર્ષ ૨૦૨૪માં ઉષાબેન (ઉ.વ. ૨૫) સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને એક વર્ષની પુત્રી પણ છે. જોકે, લગ્નના થોડા સમય બાદ જ ઘરકામ બાબતે અને 'પિયરમાંથી કાંઈ લાવી નથી' તેમ કહી પતિ અમનકુમાર અને સાસુ પ્રિતીબેન દ્વારા ઉષાબેનને અવારનવાર મેણાં-ટોણાં મારી મારઝૂડ કરવામાં આવતી હતી. સાસરિયાઓ ઉષાબેનને 'હલ્કી જ્ઞાતિની છે' તેમ કહી અપમાનિત કરતા હતા અને માનસિક રીતે તોડી પાડતા હતા. આ સતત ચાલતા ઝઘડાઓથી કંટાળી ગત તા. ૦૯/૦૪/૨૦૨૬ના રોજ સાંજે સાતેક વાગ્યે ઉષાબેને પોતાના ઘરે બાથરૂમમાં જઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને પ્રાણનાથ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ગત રોજ તેમનું કરુણ મોત નિપજ્યું હતું.મૃતકની મોટી બહેન દીપીકાબેન રાઠોડ (રહે. સૈયદપુરા, લાલગેટ) એ આ મામલે અમરોલી પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે પતિ અમનકુમાર ભાટીયા અને સાસુ પ્રિતીબેન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

# કોંગ્રેસનો પરિવારવાદ: પ્રમુખની પત્ની, પૂર્વ કોર્પો.ના પુત્રો ઉમેદવાર

**કોંગ્રેસ** પ્રમુખ વિપુલ ઉધનાવાળાની પત્ની ઉર્વશીએ વોર્ડ નં.13માં ઉમેદવારી કરી

**પૂર્વ** કોર્પોરેટર ઈકબાલ બેલીમના પુત્ર નાઝઈમ બેલીમે વોર્ડ નં.25માંથી ઉમેદવારી કરી

**પૂર્વ** કોર્પોરેટર અસલમ સાયકલવાળાના પુત્ર સુહેલે વોર્ડ નં.19માંથી ફોર્મ ભર્યું

સુરતઃ કોંગ્રેસે આ વખતે સુરત મહાપાલિકાની ચૂંટણીમાં નેતાઓના પરિજનોને જ ટિકીટની લ્હાણી કરી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાની પત્ની ઉર્વશી ઉધનાવાલાએ વોર્ડ નં. 13 (સલાબતપુરા)માંથી દાવેદારી નોંધાવી છે. માજી નગરસેવક ઈકબાલ બેલીમના પુત્ર નાઝઈમ બેલીમે વોર્ડ નં. 25 (ઉધના-લિંબાયત-યાર્જ)માંથી ઉમેદવારી નોંધાવી છે.

જ્યારે માજી નગરસેવક અસલમ સાયકલવાલાના પુત્ર સુહેલ સાયકલવાલાએ વોર્ડ નં. 19માંથી ટિકિટ માટે દાવેદારી કરી છે. અન્ય દાવેદારોમાં માજી નગરસેવક નિતીન ભરૂચાને ફરી એક વખત ટિકીટ મળી છે. જ્યારે વોર્ડ નં. 3માંથી ભૂતકાળમાં ભારે વિવાદી બનેલા અને ગત વખતે ચૂંટણીમાં ઉમેદવારી પરત ખેંચી લેનારા માજી નગરસેવક જ્યોતિ સૌજીત્રા અને વોર્ડ નં. 4માંથી મમતા સવાણીએ પણ ઉમેદવારી નોંધાવી છે.

### ભાજપે શિક્ષણ સમિતિના બે સભ્ય અને એક સભ્યની પત્નીને, તેમજ બે જૂના જોગીને ટિકિટ આપી

ભાજપે રસાકસીવાળી બેઠકો પર જુના જોગીને મેદાનમાં ઉતાર્યા છે. વોર્ડ નં. 8 (ડભોલી-સિંગણપોર)માંથી જુના જોગી ભૂપેન્દ્ર રાઠોડને ટિકિટ મળી છે. ભૂપેન્દ્ર રાઠોડ 2010થી 2015ની ટર્મમાં વોર્ડ નંબર 2માંથી જીત્યા હતા અને તેમને પાણી સમિતિ ચેરમેન બનાવાયા હતા. ત્યાર પછી ભૂપેન્દ્ર રાઠોડ ગઇ ચૂંટણીમાં હારી ગયા હતા. આ વખતે ફરી એકવાર ટિકિટ અપાઇ છે. આજ રીતે વોર્ડ નં.7 (કતારગામ-વેડ)માંથી સોનુબેન આંબલીયાને ટિકિટ અપાઇ છે. 2015થી 2020 ચૂંટણીમાં સોનુબેન જીત્યા હતા. બીજી તરફ શિક્ષણ સમિતિના સભ્યોને પણ ટિકિટ અપાઇ છે. સભ્ય શુભમ ઉપાધ્યાયની પત્ની, સંજય પાટીલ અને અરવિંદ કાકડીયાને ટિકિટ મળી છે.

### મનપાની ચૂંટણીમાં ઝેન-જીને સાધવાનો પ્રયાસ: ભાજપ અને કોંગ્રેસે ત્રણ-ત્રણ કોલેજિયનને ટિકિટ આપી

સુરત: મહાનગરપાલિકા ચૂંટણીમાં આ વખતે અલગ-અલગ પક્ષોએ યુવાનોને તક આપતાં ત્રણ યુવા ઉમેદવાર ચર્ચાનું કેન્દ્ર બન્યા છે, વોર્ડ નં.26માંથી 23 વર્ષની અપેક્ષા રતિલાલ વૈષ્ણવે ઉમેદવારી નોંધાવી છે. તેઓ બી.કોમ સુધી અભ્યાસ કરેલા છે. બીજી તરફ વોર્ડ નં.19માંથી 21 વર્ષના સોહેલ સાયકલવાલાએ દાવેદારી નોંધાવી છે. તેઓ હાલમાં સુરત યૂથ કોંગ્રેસના જનરલ સેક્રેટરી તરીકે કાર્યરત છે. ભાજપે પણ વોર્ડ નં.18 (લિંબાયત-પરવટ-કુંભારિયા)માંથી 22 વર્ષની વિધિ રાઠોડને ટિકિટ આપીને સૌને ચોંકાવી દીધા છે. તેઓ ટી.વાય.બી.કોમના વિદ્યાર્થી છે.

## સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

### વોર્ડ નંબર-7 (કતારગામ-વેડ)

# આ વોર્ડમાં પેનલ તૂટવાની સાથે ભાજપને બે જ બેઠક મળી હતી

કતારગામ અને વેડ રોડનો આ વિસ્તાર શ્રમિક અને મધ્યમ વર્ગના મતદારોની મોટી સંખ્યા ધરાવે છે. પાટીદાર અને પ્રજાપતિ સમાજના મતદારોનું પ્રભુત્વ છે. વર્ષ-2015માં પાટીદાર સમાજના વાવાઝોડા વચ્ચે પણ આ આ વોર્ડ ભાજપ સાથે અડીખમ રહ્યો હતો.

જો કે, વર્ષ-2021માં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા પ્રજાપતિ સમાજના નેતા નંદલાલ પાંડવના પુત્ર નરેન્દ્ર પાંડવને ભાજપે અહીંથી ટિકિટ આપી હતી. તેની સાથે ભાજપના મહામંત્રી પદ જેવા મોભાના સ્થાનેથી રાજીનામું આપી લલિત વેકરિયા પણ આ વોર્ડમાંથી લડ્યા હતા.

જો કે, ભાજપની આંતરિક ખેંચતાણ ઊભી થતાં અહીં ભાજપની પેનલ તૂટી હતી અને બે બેઠક પર ભાજપ બે બેઠક પર આમ આદમી પાર્ટીના સભ્યો ચુંટાઇ આવ્યા હતા અને અન્ય બે બેઠક પર ટક્કર રહી હતી.

SIR બાદ નવી મતદાર યાદીમાં આ વોર્ડમાં 83,104 મતદાર રહ્યા છે અને 89 બુથ રહ્યા છે. વર્ષ-2021માં અહીંથી ભાજપનાં જ્યોતિ પટેલ અને નરેન્દ્ર પાંડવ તેમજ આમ આદમી પાર્ટીના દીપ્તિ સાકરિયા અને કિશોર રૂપારેલિયા જિત્યા હતાં. જ્યારે મહામંત્રી જેવા મોભારૂપ હોદ્દા મહામંત્રી પદેથી રાજીનામું આપી ચૂંટણી લડનાર લલિત વેકરિયા અને અન્ય પૂજા હરસોરાનો પરાજય થયો હતો. જ્યારે કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપ અને આપ વચ્ચે માત્ર 5787 મતનું જ અંતર હતું, જે ભાજપ માટે ચિંતાનો વિષય છે.

#### જાતિગત સમીકરણ

- **ઓબીસી અને એસ.સી. મતો:** વેડ રોડ અને આસપાસના વિસ્તારોમાં પછાત વર્ગ અને અનુસૂચિત જાતિના મતદારોની મોટી વસતી છે. આ મતદારો અહીં હાર-જીત નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- **લઘુમતી મતો**: વેડ રોડના અમુક પટ્ટામાં લઘુમતી સમુદાયના મતો પણ નોંધપાત્ર છે, જે પરંપરાગત રીતે ભાજપ વિરોધી પક્ષો તરફ વળતા રહ્યા છે.
- **પાટીદાર સમાજ:** કતારગામને અડીને આવેલા વિસ્તારોમાં સૌરાષ્ટ્રવાસી પાટીદારોની વસતી છે.
- **પરપ્રાંતિય શ્રમિકો:** આ વોર્ડમાં રત્નકલાકારોની સાથે લૂમ્સના કારખાનામાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકો પણ મોટા પ્રમાણમાં વસેલા છે.

#### આ વોર્ડની સમસ્યા અને પડકારો


અગાઉ આ વોર્ડમાં કોંગ્રેસનું વર્ચસ્વ હતું. જો કે, 2005 બાદ સતત 15 વર્ષ ભાજપની પકડ મજબૂત રહી છે. જે 2021માં નબળી પડી અને બે બેઠકો ગુમાવવી પડી હતી. વેડ રોડને લાગુ વિસ્તારોમાં ગીચતા અને સફાઇ તેમજ ઊભરાતી ગટરની સમસ્યા તેમજ ચોમાસામાં અમુક જગ્યાએ વરસાદી પાણી ભરાવાની સમસ્યા, તેમજ કતારગામ સિંગણપોર રોડ, મગનનગર જેવા વિસ્તારોમાં સુવિધામાં ખામીઓ, લારી-ગલ્લાનાં દબાણો અને કતારગામ વિસ્તારની ટીપી 49,50,51માં રહેણાક તેમજ સમાજની વાડીઓ પર મુકાયેલા રિઝર્વેશનનો મુદ્દે અહીં ભાજપ માટે માથાનો દુખાવો છે. ઉપરાંત કતારગામ-સિંગણપોર રોડ પર લાઇનદોરીની લટકતી તલવાર મુદ્દે પણ ભાજપ શાસકો બેક ફૂટ પર છે.

#### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદાર: 44127
સ્ત્રી મતદાર: 38977
કુલ મતદાર: 83,104

#### ભૌગોલિક સ્થિતિ

કતારગામ સિંગણપોર રોડ પર જમણી બાજુ નારાયણનગરથી લઇ સિંગણપોર ચાર રસ્તા સુધી તેમજ ત્યાંથી ગુરુકુલ તરફ જતા મુખ્ય રોડની જમણી બાજુ થઇ ગુરુકુલ સુધી ત્યાંથી નાની વેડ અને મોટી વેડ થઇ અમરોલી બ્રિજ તરફ ગજેરા સ્કૂલ અને ત્યાંથી દક્ષિણ દિશામાં રાશી સર્કલ થઇ કંતારેશ્વર મહાદેવ મંદિર સુધી.




# ભાજપે બે જ જનરલ બેઠક પર OBCને ટિકિટ આપતાં અનેક મજબૂત દાવેદાર કપાયા

**2021માં** ભાજપે ઓબીસી માટે 12 અનામત બેઠકોની સામે 28 ઓબીસીને ટિકિટ આપી હતી

**જ્યારે** 2026માં નીતિ બદલતાં દંડકથી લઇ કમિટી ચેરમેન સુધીના નેતાઓએ ઘરે બેસવું પડ્યું

સુરતઃ ઓબીસી માટે 27 ટકા બેઠકો અનામત રાખવાના નિર્ણય બાદ ભાજપે એવું વલણ અપનાવ્યું હતું કે, જનરલ બેઠક પર એકપણ ઓબીસી દાવેદારને ટિકીટ આપવી નહીં પરંતુ સુરત મનપાના ઉમેદવારોની જાહેરાતમાં 120 પૈકી બે બેઠક એવી છે કે જ્યાં ભાજપે જનરલ બેઠક પર ઓબીસીના બે દાવેદારોને ટિકીટ આપી છે. અનેક ઓબીસી બેઠકો જનરલ થઈ જવાને કારણે આ વખતે ભાજપના અનેક મજબૂત દાવેદારો કપાઈ જવા પામ્યા છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રોસ્ટર પ્રથાના આધારે આ વખતે ઓબીસી માટે 27 ટકા એટલે કે 32 બેઠકો અનામત રાખવામાં આવી છે, જેમાં 50 ટકા મહિલાઓ માટે અનામત છે. આ અનામત વ્યવસ્થાના કારણે પહેલાથી જ ઘણા સિટિંગ કોર્પોરેટરો સ્પર્ધાની બહાર થઈ ગયા હતા. માત્ર વોર્ડ નં. 9 (રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર)માં હીના ટાંકને જનરલ બેઠક પર ઓબીસી મહિલા તરીકે ટિકિટ આપવામાં આવી છે, જ્યારે વોર્ડ નં. 15 (કરંજ-મગોબ)માં ત્રણ ટર્મના સિટિંગ કોર્પોરેટર રાજુ જોળિયાના સ્થાને ઓબીસી સમાજમાંથી મહેશ મકવાણાને ટિકિટ ફાળવવામાં આવી છે. આ બે બેઠકો સિવાય જનરલ કેટેગરીમાં ઓબીસીને સ્થાન આપવામાં આવ્યું નથી. નોંધનીય છે કે 2021ની ચૂંટણીમાં માત્ર 12 બેઠકો OBC માટે અનામત હોવા છતાં ભાજપે કુલ 28 ઓબીસી ઉમેદવારોને ટિકિટ ફાળવી હતી, એટલે કે અનામત બેઠકો કરતા બમણા જેટલા OBC ઉમેદવારોને તક આપવામાં આવી હતી. જ્યારે 2026માં 32 અનામત બેઠકો સામે માત્ર 34 OBC ઉમેદવારોને જ ટિકિટ આપવામાં આવી છે.

આથી સ્પષ્ટ થાય છે કે ભાજપે આ વખતે ઓબીસીને પ્રતિનિધિત્વને અનામત બેઠકો પૂરતું જ મર્યાદિત રાખવાની નીતિ અપનાવી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે આ પોલિસી રાજ્ય સ્તરે નક્કી કરવામાં આવી છે અને દરેક શહેરમાં એકાદ-બે અપવાદ રાખવામાં આવ્યા છે. જોકે સુરતમાં કેટલાક વોર્ડોમાં OBC સમાજનું પ્રભુત્વ હોવા છતાં પણ જનરલ બેઠકો પર તેમને ટિકિટ ન મળતા અસંતોષ ઊભો થયો છે.આ નીતિના કારણે ભાજપના અનેક સિનિયર અને સિટિંગ કોર્પોરેટરો ઘરે બેસી ગયા છે. જેમાં દંડક ધર્મેશ વાણિયાવાલા, ડ્રેનેજ કમિટી ચેરમેન કેયૂર ચપટવાલા, તેમજ નરેન્દ્ર પાંડવ અને કૃણાલ સેલર જેવા મજબૂત દાવેદારોને ટિકિટ ન મળતા પાર્ટીમાં આંતરિક અસંતોષની લાગણી જોવા મળી રહી છે. આ સમગ્ર ઘટનાક્રમ ભાજપની નવી ચૂંટણી સ્ટ્રેટેજી તરફ ઈશારો કરે છે, જેમાં જાતિ આધારિત સંતુલનને વધુ કડક રીતે અમલમાં મૂકવામાં આવ્યું છે. પરંતુ તેની રાજકીય અસર તરીકે સ્થાનિક સ્તરે અસંતોષ અને બગાવતની સંભાવનાઓ પણ વધતી જોવા મળી રહી છે.

### વોર્ડ નંબર -8 (ડભોલી-સિંગણપોર)

# ભાજપ અહીં ચાર નહીં ત્રણ બેઠક જીતવામાં પણ હાંફી ગયું હતું

આ વોર્ડ કતારગામ વિસ્તારનો સૌથી વિકસિત અને પોશ ગણાતો રહેણાંક વિસ્તાર છે. અહીં શિક્ષિત અને મધ્યમથી ઉચ્ચ મધ્યમ વર્ગના મતદારોની સંખ્યા વધુ છે.

વર્ષ 2021 માં આ વોર્ડમાં ભાજપની પેનલમાં ગાબડુ પડ્યું હતું. ચાર બેઠકમાંથી એક બેઠક પર આમ આદમી પાર્ટી ની જીત થઈ હતી અને 3 બેઠક ભાજપને મળી હતી.

પાટીદાર મતદારોએ સામૂહિક રીતે 'આપ' તરફ મતદાન કરતા ભાજપને મોટો ફટકો પડ્યો હતો. કોંગ્રેસ અહીં સાવ ફેંકાઈ ગઈ હતી. વર્ષ 2021માં અહી 1,21,661 મતદારો અને 115 બુથો હતા, જો કે એસઆઈઆર બાદ 97,107 મતદારો અને 99 બુથ રહયા છે. વર્ષ 2021માં અહીથી ભાજપના સુર્વણા જાદવ, જીતેન્દ્ર સોલંકી, ચીમન પટેલ જીત્યા હતા.

જયારે આમ આદમી પાર્ટીના જ્યોતીકા લાઠીયા વિજેતા રહ્યા હતા. અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 84,256 મતો મળ્યા હતા.જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 80,745 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે માત્ર 3511 મતોનું અંતર હતું

#### જાતિગત સમીકરણ

- **વર્ચસ્વ:** આ વોર્ડમાં જ્ઞાતિગત સમીકરણોમાં પાટીદાર સમાજનું વર્ચસ્વ જોવા મળે છે, ત્યાર બાદ પ્રજાપતિ અને ઓબીસી તેમજ મહારાષ્ટ્રીય મતો પણ નિર્ણાયક છે. કુલ મતદારોમાં 80 ટકા સૌરાષ્ટ્રવાસી છે.તેમાં પણ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા રત્નકલાકારો અને મોટા ઉદ્યોગપતિઓનું પ્રમાણ ઘણું મોટું છે.
- **પ્રજાપતિ અને લોહાણા સમાજ:** ડભોલી અને સિંગણપોરના જૂના ગામતળ વિસ્તારોમાં પ્રજાપતિ, લોહાણા અને અન્ય જ્ઞાતિઓના મતો છે, જેઓ દાયકાઓથી અહીં સ્થાયી થયેલા છે.
- **શિક્ષિત મધ્યમ વર્ગ:** અહીં હાઈ-રાઈઝ બિલ્ડિંગો અને નવી સોસાયટીઓમાં બ્રાહ્મણ અને જૈન સમાજના મતદારો પણ નોંધપાત્ર સંખ્યામાં છે.
- **શ્રમિક વર્ગ:** કતારગામ અને સિંગણપોરને જોડતા પટ્ટામાં હીરાના કારખાનામાં કામ કરતા રત્નકલાકારો આ વોર્ડની જીતનું ગણિત બદલી શકે છે.

#### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારો: 51137
સ્ત્રી મતદારો: 45965
કુલ મતદારો: 97,107

#### રાજકીય સ્થિતિ અને મુખ્ય મુદ્દાઓ

વર્ષ 2021 માં આ વોર્ડમાં આમ આદમી પાર્ટીએ પાટીદાર ફેક્ટરનો ભરપૂર લાભ લીધો હતો અને ભાજપના ગઢમાં ગાબડું પાડ્યું હતું. ભાજપ માટે આ વોર્ડમાં કટોકટીનો જંગ રહેશે અહી અહીં પક્ષનું સંગઠન જૂનું અને મજબૂત છે પરંતુ કોને ટીકીટ મળે છે તેના પર જંગ નક્કી થશે આ વોર્ડમાં મુખ્ય સમસ્યાઓમાં કોઝવે રોડ પરના દબાણો, સિંગણપોર ચાર રસ્તા પર થતો ભારે ટ્રાફિક, તાપી નદીના કિનારે રિવરફ્રન્ટ ડેવલપમેન્ટના પડતર કામો, પીવાના પાણીના ઓછા પ્રેશરની સમસ્યા, ગેરકાયદે બાંધકામોનો રાફડો અને શૈક્ષણિક સંસ્થાઓની અતિશય ફી મુખ્ય મુદ્દા હતા. ઉપરાંત ટી.પી. સ્કીમ 49,50,51માં રહેણાંક સોસાયટીઓ તેમજ સોસાયટીની વાડીઓ પર મુકાયેલા રીર્જવેશનો ભાજપ માટે માથાના દુઃખાવા સમાન છે.




#### ભૌગોલિક સ્થિતિ

વેડદરવાજાથી પંડોળ તરફ જતા ડાબી બાજુ તાપી નદીના કીનારા સુધી ત્યાથી તાપી નદીના કીનારે કીનારે છેક જહાંગીરપુરા-ડભોલી બ્રિજ સુધી ત્યાથી તુલસી ચોક થઇ ડભોલી ચાર રસ્તા, ડભોલી વિસ્તારના ફાર્મ હાઉસ, પાર્ટી પ્લોટ, વાળીનાથ ચોકથી કોઝવે સુધીનો વિસ્તાર, સીંગણપોર ગામ સહીતનો વિસ્તાર.